# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૬/ક્વા-૨/૧૯-૨૦/૭૧૧૪–૫** **તા.૨૩–૧૦–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૬/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **રામભાઈ કાનાભાઈ બાબરિયા** ગામ: **પ્રાંસલી**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે મથુરભાઈ રામભાઈ બાબરિયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **કેશોદ**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.જી.ગોવાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **કેશોદ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ પ.ગુ.વી.કં.લી. પોરબંદર વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: ૧૫-૧૦-૨૦૧૯(મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૫-૧૦-૨૦૧૯(મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બંને પક્ષકારો ઉપર મુજબ હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રામભાઈ કાનાભાઈ બાબરિયા અને અન્ય 0૩ અરજદારો એ - ગામ –પ્રાંસલી ખાતે શ્રી રામાભાઈ આણંદભાઈ જાદવ નું વીજ જોડાણ મંજુર થયેલ જેની વીજ લાઈન ના પોલ પ્રાંસલી થી ધ્રાબાવડ ગામે જવાના રાજ રસ્તા ઉપર ઉભા કરેલ છે જે ખેત મોલના સમયે નડતર રૂપ હોય રસ્તો સાંકડો ન થાય તેમ અને અકસ્માત ન થાય તે અંગેની અરજી તા.૧૦.૦૫.૧૯ થી સંયુક્ત રીતે કરતા - પીજીવીસીએલ દ્વારા વીજ લાઈન ની કામગીરીમાં વિરોધ ન કરવા અંગે ની ચેતવણી આપેલ છે. જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે- પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- કેશોદ (ગ્રામ્ય-૧) પેટા વિભાગીય કચેરી હેઠળના પ્રાંસલી ગામના શ્રી જાદવ રામાભાઈ આણંદભાઈ દ્વારા નવા ખેતીવાડી વિજ કનેક્શનની અરજી તા.૧૫.૦૪.૨૦૧૭ ના રોજ રજીસ્ટ્રેશન કરાયેલ ત્યારબાદ નિયમાનુસાર અગ્રતાક્રમ મુજબ તેનો વારો આવતા કેશોદ (ગ્રામ્ય-૧) પેટા વિભાગીય કચેરીના (આર.ઈ.) વિભાગ દ્વારા સ્થળ મોજણીની કાર્યવાહી હાથ ધરી તા.૦૪.૦૪.૨૦૧૯ ના રોજ નાણાકીય અંદાજપત્ર પાઠવવામાં આવેલ જે શ્રી જાદવ રામાભાઈ આણંદભાઈ દ્વારા તા.૨૪.૦૪.૨૦૧૯ ના રોજ

ભરપાઈ કરી અપાતા ઉપરોક્ત વિજ કનેક્શન આપવા જેમને કોન્ટ્રેક્ટ અપાયેલ તે રાજ ફેબ્રિકેશન દ્વારા પોલ ઉભા કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ. આ કાર્યવાહી દરમ્યાન પ્રાંસલી ગામના અન્ય ચાર ખાતેદાર ખેડૂતો જેમાં (૧) શ્રી રામાભાઈ કાનાભાઈ બાબરીયા (૨) શ્રી રાયમલભાઈ રાજાભાઈ ખટારિયા (૩) રાજાભાઈ દેવરાજભાઈ ગરચર અને (૪) શ્રી અજુભાઈ કાનાભાઈ બાબરીયા દ્વારા તા.૧૧.૦૬.૨૦૧૯ ની અરજીથી વાંધો રજુ કરેલ. આ ઉપરાંત તા.૧૦.૦૫.૨૦૧૯ ના રોજ કેશોદ (ગ્રામ્ય-૧) (આર.ઈ.) ને ઉપરોક્ત પૈકી એક શ્રી રાયમલભાઈ રાજાભાઈ ખટારિયા અને અન્ય સાત (૭) ખેડૂતોએ પણ વાંધા અરજી પાઠવેલ. જેથી નાયબ ઈજનેર (ગ્રામ્ય-૧) (આર.ઈ.) દ્વારા સ્થળ મુલાકાત લઇ વાંધો રજુ કરનાર ખેડૂતોને સમજાવવાના પ્રયત્ન કરાયેલ પરંતુ નિરાકરણ ન થતા. ઇન્ડિયન ટેલીગ્રાફ એક્ટ-૧૯૮૫ ની કલમ-૧૬(૧) હેઠળ વાંધાની સુનાવણી માટે તા.૩૦.૦૮.૨૦૧૯ ના રોજ માનનીય કલેકટરશ્રી જુનાગઢ સમક્ષ રજુ કરેલ છે. આમ આ કેસમાં માનનીય કલેકટરશ્રી દ્વારા સુનાવણી બાદ જે નિર્ણય અપાશે તે અનુસાર કંપનીના નિયમો અને ધારાધોરણો ને અનુસરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૦ મુજબ પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ - કેશોદ (ગ્રામ્ય-૧) પેટા વિભાગીય કચેરી હેઠળના પ્રાંસલી ગામના શ્રી જાદવ રામાભાઈ આણંદભાઈ દ્વારા નવા ખેતીવાડી વિજ કનેક્શનની અરજી અન્વયે વીજલાઈન અંગે ની કામગીરી કરવા જતા – ફરીયાદી અરજદારો દ્વારા વાંધો લીધેલ હોય – પરંતુ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિરાકરણ ન થતા. ધી ઇન્ડિયન ટેલીગ્રાફ એક્ટ-૧૯૮૫ ની કલમ-૧૬(૧) હેઠળ વાંધાની સુનાવણી માટે તા.૩૦.૦૮.૨૦૧૯ ના રોજ માનનીય કલેકટરશ્રી જુનાગઢ સમક્ષ રજુ કરેલ છે. જે હાલ ન્યાયિક પ્રક્રિયા હેઠળ પડતર હોય- આમ આ કેસમાં માનનીય કલેકટરશ્રી દ્વારા સુનાવણી બાદ જે નિર્ણય અપાશે તે અનુસાર કંપનીના નિયમો અને ધારાધોરણો ને અનુસરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૪.૨ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૯ ના મુદદા નં. **Limitations / Pre-conditions for Submission of Grievances** ના કલોઝ નં.–૨.૩૩ (૧) મા નીચે મુજબ જોગવાઈ કરાયેલ છે.

2.33. A Complainant shall not be entitled to approach the Forum in any of the following cases:

- (i). In cases where proceedings in respect of the same matter and between the same Complainant and the Licensee, are pending before any court, tribunal, arbitrator or any other authority, or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority;

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ અને ૪.૨ મુજબ – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નંઃ ૦૨/૨૦૧૯ નાં મુદા નંઃ ૨.૩૩ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય, આ બાબતે અત્રે ના ફોરમ કમિટી તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અરજદાર ની અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (શ્રી જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯